Seat No.: | | | | | | | |

Sl. No. : 100804

# 178(G)

(March, 2019)

*Time : 3 Hours]* *[Maximum Marks : 100*

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 48 પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

### (અર્થશાસ્ત્ર)

■ **નીચે આપેલા 1 થી 10 સુધીના હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરીને લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

1) શાખી નાણું કોણ બહાર પાડે છે ?
(A) વેપારીઓ
(B) વેપારી બેંકો
(C) ભારત સરકાર

2) વસ્તુનાં બદલામાં વસ્તુ આપવી તેને શું કહેવાય ?
(A) સાટા પધ્ધતિ
(B) વેપાર
(C) વણજ

3) જો ધારણા મુજબ ભાવો વધે તો તે ....... ફુગાવો કહેવાય છે.
(A) માંગપ્રેરિત
(B) અપેક્ષિત
(C) અનપેક્ષિત

4) બેવડી ગણતરી ટાળવામાટે કેવી વસ્તુઓ ધ્યાનમાં લેવી પડે ?

(A) નકામી

(B) વારંવાર વપરાશની

(C) અંતિમ વપરાશની

5) એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં ફેરવી આપવાનું કાર્ય કઈ બેંકો કરે છે ?

(A) વિનિમય બેંકો

(B) આંતરરાષ્ટ્રીય બેંકો

(C) ઔદ્યોગિક બેંકો

6) 1947 પહેલા કરાંચી અને દિલ્હી વચ્ચેનો વેપાર કેવો હતો ?

(A) આંતરિક

(B) આંતરરાષ્ટ્રીય

(C) મુક્ત વેપાર

7) સમાજવાદની સ્થાપના સૌ પ્રથમ ક્યારે થઈ ?

(A) 1918

(B) 1928

(C) 1938

8) ભારતમાં એક રૂપિયાની ચલણી નોટો ઊપર ....... ની સહી હોય છે.

(A) રિઝર્વ બેંકના ગવર્નર

(B) સરકારના નાણાખાતાના સેક્રેટરી

(C) ભારતના રાષ્ટ્રપતિ

9) નાણાંનું અદ્યતન સ્વરૂપ —

(A) ક્રેડિટ કાર્ડ

(B) વસ્તુનાણું

(C) ધાતુ નાણું

10) ખેડૂતોને લાંબાગાળાની લોન આપતી સંસ્થા —

(A) વેપારી બેંક

(B) સહકારી મંડળી

(C) જમીન વિકાસ બેંક

■ **નીચે આપેલા 11 થી 14 સુધીના પ્રશ્નોના અતિ ટૂંકા જવાબ આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[4]**

11) દાબેલો ફુગાવો એટલે શું ?

12) આંતરિક વેપાર એટલે શું ?

13) કાગદી નાણું એટલે શું ?

14) માથાદીઠ આવક એટલે શું ?

■ **નીચે આપેલા 15 થી 19 સુધીના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[10]**

15) ફુગાવાને દીર્ઘકાલિન ઘટના શા માટે કહેવાય છે ?

16) નાણાંના બે કાર્યો સમજાવો.

17) કાચી રાષ્ટ્રીય પેદાશ અને ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશનો ખ્યાલ સમજાવો.

18) મૂડીવાદી અર્થતંત્ર એટલે શું ? બે દેશના નામ આપો.

19) પરિચારિકા દ્વારા પુત્રની સારવારનું રાષ્ટ્રીય આવકમાં પરિવર્તન થાય શા માટે ?

**નીચે આપેલા 20 અને 21 પ્રશ્નોની ટૂંકનોંધ લખો. દરેક પ્રશ્નના 4 ગુણ છે.** **[8]**

**20)** ફુગાવાના કારણો આપો.

**21)** તફાવત લખો : ચાલુ થાપણો - મુદતી થાપણો

**નીચે આપેલા 22 થી 24 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેક પ્રશ્નના 6 ગુણ છે.** **[18]**

**22)** સાટા પદ્ધતિની મુશ્કેલીઓ જણાવો.

**અથવા**

રાષ્ટ્રીય આવકનો વર્તુળાકાર પ્રવાહ સમજાવો.

**23)** બેંકોના પ્રકાર જણાવી સમજૂતી આપો.

**અથવા**

સામૂહિક અર્થતંત્રની લાક્ષણિકતાઓની ચર્ચા કરો.

**24)** સંરક્ષણ નીતિ એટલે શું ? તેના સાધનો જણાવી સમજ આપો.

## વિભાગ - B

## (વાણિજ્ય સંચાલન)

**નીચે આપેલા 25 થી 34 સુધીના હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરી લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

**25)** અવિકસિત દેશમાં કયું મહત્વનું તત્વ ખૂટે છે ?

(A) નાણું

(B) માનવશ્રમ

(C) કાર્યક્ષમ સંચાલન

**26)** રેખિક વ્યવસ્થાતંત્રને .......... તરીકે પણ ઓળખાય છે.

(A) વિભાગીય વ્યવસ્થાતંત્ર

(B) વિશિષ્ટ વ્યવસ્થાતંત્ર

(C) સ્ટાફ વ્યવસ્થાતંત્ર

27) આયોજન પ્રબંધ, દોરવણી અંકુશ વગેરે કાર્યોના સમૂહને શું કહેવાય ?

(A) સંચાલન

(B) સમિતિ

(C) વ્યવસ્થાતંત્ર

28) સંચાલન એ ધંધાનું મગજ છે તો વ્યવસ્થાતંત્ર એ તેનું શું છે ?

(A) હૃદય

(B) શારીરિક માળખું

(C) રૂધિર

29) લશ્કરી વ્યવસ્થાતંત્ર કયા પ્રકારનું છે ?

(A) વિશિષ્ટ

(B) રૈખિક

(C) કાર્યાનુસાર

30) મંદિને કારણે સામૂહિક રીતે કર્મચારીઓને છૂટા કરવા પડે તેને ...... કહે છે.

(A) છટણી

(B) બદલી

(C) અપકર્ષ

31) વિભાગીય વડાઓ સંચાલનની કઈ સપાટીમાં આવે છે ?

(A) ઉચ્ચ સપાટી

(B) મધ્ય સપાટી

(C) નિમ્ન સપાટી

32) વ્યવસ્થાતંત્ર નું માળખું કેવું હોય છે ?

(A) પીરામીડ પ્રકારનું

(B) વર્તુળાકાર

(C) ત્રિકોણાકાર

33) કારખાનામાં આગ લાગે ત્યારે કયા પ્રકારનો અહેવાલ તૈયાર કરવામાં આવે છે ?

(A) નિયમિત અહેવાલ

(B) વિશિષ્ટ અહેવાલ

(C) અન્ય અહેવાલ

34) માહિતી પ્રેષણનો પ્રાથમિક તબક્કો કયો છે ?

(A) માહિતી ભેગી કરવી

(B) માહિતી નક્કી કરવી

(C) અહેવાલ તૈયાર કરવો

■ **નીચે આપેલા 35 થી 38 સુધીના પ્રશ્નોના અતિ ટૂંકમાં જવાબ આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[4]**

35) વ્યવસ્થાતંત્ર એટલે શું ?

36) બોર્ડ ઓફ ડિરેક્ટર્સ એટલે શું ?

37) આંતરિક પ્રાપ્તિ સ્થાન એટલે શું ?

38) બદલીનો અર્થ આપો.

■ **નીચે આપેલા 39 થી 43 સુધીના પ્રશ્નોના ટૂંકા જવાબ આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[10]**

39) ભરતીના સંજોગો જણાવો.

40) સંચાલનના બે લક્ષણો સમજાવો.

41) સંચાલન, કળા અને વિજ્ઞાન છે, સમજાવો.

42) સમિતિ વ્યવસ્થાતંત્ર ક્યાં અનુકૂળ છે ?

43) માહિતી પ્રેષણના હેતુંઓ જણાવો.

■ **નીચે આપેલા 44 અને 45 પ્રશ્નોની ટૂંકનોંધ લખો. દરેક પ્રશ્નના 4 ગુણ છે.** **[8]**

**44)** આદર્શ વ્યવસ્થાતંત્રના લક્ષણો જણાવો.

**45)** મધ્યસપાટીના કાર્યો લખો.

■ **નીચે આપેલા 46 થી 48 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો. દરેક પ્રશ્નના 6 ગુણ છે.** **[18]**

**46)** સંચાલનના કાર્યો સમજાવો.

**અથવા**

વ્યવસ્થાતંત્રનો અર્થ આપી તેની ખામીઓ જણાવો.

**47)** કર્મચારીઓના પ્રાપ્તિ સ્થાનો જણાવો.

**અથવા**

માહિતી પ્રેષણને અસરકારક બનાવવા માટેના સૂચનો આપો.

**48)** સંચાલનની વિવિધ સપાટીઓ જણાવી ઉચ્ચ સપાટીના કાર્યો જણાવો.

◆◆◆